**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૭/૭/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૫૧૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૮,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૭/૧૫**

**ચાંદખેડા :** અમરતભાઇ તળજીભાઇ રબારી (રહે.પ્રભુનગર નર્સરી મોટેરા, ચાંડખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૭/૧૫ નાં કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી શ્રધ્ધાબહેન (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.સી.દેસાઇ ચલાવે છે.

**ઇસનપુર :** ગણેશભાઇ હીતનારાયણ સીંગ (રહે.વિરાટનગર, સુભાષમાર્ગ સામે, સરદારચોક, ઇસનપુર) એ તા.૨૬/૭/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૭/૧૫ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર નિલેશ (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ડી.પંડ્યા ચલાવે છે

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૫૧૮/૧૫**

**સાબરમતી : (૧)** દિપાલીબહેન રાકેશકુમાર નાયક (રહે.શ્રીનીવાસ રેસીડેન્સી, ન્યુ રાણીપ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૭/૧૫ બપોરના ૧/૪૫ થી તા.૨૬/૭/૧૫ નાં કલાક ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૭૮,૫૦૦/-, ઘડીયાળ અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.છાસીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**(૨)** દિપેશકુમાર રામદર્શન રાજપુત (રહે.ન્યુ રેલવે કોલોની કાળીગામ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૭/૧૫ સાંજના ૫/૪૫ થી તા.૨૬/૭/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાની જાળીનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૬૩,૦૦૦/-અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.પાંડોર ચલાવે છે.

<u>**વાહનચોરીઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૫૧૯/૧૫**</u>

**મણીનગરઃ** ભીખાભાઈ હીરાભાઈ મકવાણા (રહે.કોઠાવાલા વોરાની ચાલી, રાજપુર ગોમતીપુર) એ તા.૨૮/૬/૧૫ સવારના ૧૦/૦૦ વાગે એલ.જી.હોસ્પીટલ નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે.૨૭.ટી. ૨૫૦૪ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી દોઢ કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ભીખાભાઈ મકવાણાએ તા.૨૬/૭/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.એ.ઘાસુરા ચલાવે છે.

<u>**અપમૃત્યુઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૫૨૦/૧૫**</u>

**સાબરમતીઃ** તા.૧૧/૭/૧૫ રાતના ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે સાબરમતી ત્રાગડ ગામ નવા બનતા આકૃતિ ફ્લેટ ખાતે રહી, ત્યાંજ મજુરી કામ કરતાં દિનેશભાઇ સોમાભાઈ કટારા આકૃતિ ફ્લેટ ઉપરથી લપસી જતાં પટકાઈ જતાં, માંથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં, સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૬/૭/૧૫ બપોરના ૧/૧૦ વાગે દિનેશભાઇનું મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ બીજલભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)